غوجراتی الأذكار تقال صباحا و مساء

# સવાર સાંજ પઢવામાં આવતા અઝ્કાર

www.islamhouse.com

شركاء التنفيذ:

المحتوى الإسلامي رواد الترجمة جمعية الربوة دار الإسلام

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص.

Telephone: +966114454900
ceo@rabwah.sa
P.O.BOX: 29465
RIYADH: 11557
www.islamhouse.com

અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે.

﴿الٓمٓ * ذَٰلِكَ ٱلۡكِتَٰبُ لَا رَيۡبَۛ فِيهِۛ هُدٗى لِّلۡمُتَّقِينَ * ٱلَّذِينَ يُؤۡمِنُونَ بِٱلۡغَيۡبِ وَيُقِيمُونَ
ٱلصَّلَوٰةَ وَمِمَّا رَزَقۡنَٰهُمۡ يُنفِقُونَ * وَٱلَّذِينَ يُؤۡمِنُونَ بِمَآ أُنزِلَ إِلَيۡكَ وَمَآ أُنزِلَ مِن قَبۡلِكَ
وَبِٱلۡأٓخِرَةِ هُمۡ يُوقِنُونَ * أُوْلَٰٓئِكَ عَلَىٰ هُدٗى مِّن رَّبِّهِمۡۖ وَأُوْلَٰٓئِكَ هُمُ ٱلۡمُفۡلِحُونَ﴾

{અલિમ લામ મિમ* આ કિતાબ (કુરઆન મજીદ) માં કોઇ શંકા નથી, એવા ડરવાવાળા લોકોને માર્ગદર્શન આપે છે* જે લોકો ગૈબ ઉપર ઇમાન રાખે છે અને નમાઝની પાબંદી કરે છે અને અમારા આપેલા (માલ) માંથી (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરે છે* અને તેઓ, જે કંઈ પણ આપની તરફ અવતરિત કરવામાં આવ્યું છે, અને જે કંઇ પણ તમારાથી પહેલાના લોકો (પયગંબરો) પર અવતરિત કરવામાં આવ્યું તેના પર ઈમાન રાખે છે, અને તેઓ આખિરત ઉપર પણ સંપૂર્ણ યકીન ધરાવે છે* આ જ લોકો પોતાના પાલનહાર તરફથી (અવતરિત કરેલ) હિદાયત પર છે, અને આ જ લોકો સફળ થવાવાળા છે}

(આયત ૧-૫ અલ્ બકરહ)

﴿اللَّهُ لاَ إِلَهَ إِلاَّ هُوَ الْحَيُّ الْقَيُّومُ لاَ تَأْخُذُهُ سِنَةٌ وَلاَ نَوْمٌ لَهُ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الأَرْضِ مَنْ ذَا الَّذِي يَشْفَعُ عِنْدَهُ إِلاَّ بِإِذْنِهِ يَعْلَمُ مَا بَيْنَ أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ وَلاَ يُحِيطُونَ بِشَيْءٍ مِنْ عِلْمِهِ إِلاَّ بِمَا شَاءَ وَسِعَ كُرْسِيُّهُ السَّمَاوَاتِ وَالأَرْضَ وَلاَ يَئُودُهُ حِفْظُهُمَا وَهُوَ الْعَلِيُّ الْعَظِيمُ﴾

{અલ્લાહ સિવાય કોઈ જ ઇલાહ નથી, જે હંમેશાથી જીવિત છે અને સૌને સંભાળી રાખનાર છે, જેને ન ઉંઘ આવે છે ન નિંદ્રા, આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે, દરેક તેનું જ છે કોણ છે, જે તેની પરવાનગી વગર તેની સામે ભલામણ કરી શકે? જે કંઈ લોકોની સામે છે, તે તેને પણ જાણે છે અને જે કંઈ તેમનાથી અદ્રશ્ય છે, તેને પણ જાણે છે, તેઓ તેના જ્ઞાન માંથી કોઇ વસ્તુનો ઘેરાવ નથી કરી શકતા પરંતુ જેટલું તે ઇચ્છે, તેની કુરસીની ચોડાઇએ ધરતી અને આકાશને ઘેરી રાખ્યા છે અને અલ્લાહ તઆલા તેની દેખરેખથી થાકતો નથી, તે તો ઘણો જ મહાન અને ઘણો જ મોટો છે}

(આયતુલ્ કુરસી: અલ્ બકરહ ૨૫૫)

﴿ءَامَنَ ٱلرَّسُولُ بِمَآ أُنزِلَ إِلَيۡهِ مِن رَّبِّهِۦ وَٱلۡمُؤۡمِنُونَۚ كُلٌّ ءَامَنَ بِٱللَّهِ
وَمَلَٰٓئِكَتِهِۦ وَكُتُبِهِۦ وَرُسُلِهِۦ لَا نُفَرِّقُ بَيۡنَ أَحَدٖ مِّن رُّسُلِهِۦۚ وَقَالُواْ سَمِعۡنَا
وَأَطَعۡنَاۖ غُفۡرَانَكَ رَبَّنَا وَإِلَيۡكَ ٱلۡمَصِيرُ * لَا يُكَلِّفُ ٱللَّهُ نَفۡسًا إِلَّا وُسۡعَهَاۚ
لَهَا مَا كَسَبَتۡ وَعَلَيۡهَا مَا ٱكۡتَسَبَتۡۗ رَبَّنَا لَا تُؤَاخِذۡنَآ إِن نَّسِينَآ أَوۡ
أَخۡطَأۡنَاۚ رَبَّنَا وَلَا تَحۡمِلۡ عَلَيۡنَآ إِصۡرٗا كَمَا حَمَلۡتَهُۥ عَلَى ٱلَّذِينَ مِن قَبۡلِنَاۚ
رَبَّنَا وَلَا تُحَمِّلۡنَا مَا لَا طَاقَةَ لَنَا بِهِۦۖ وَٱعۡفُ عَنَّا وَٱغۡفِرۡ لَنَا وَٱرۡحَمۡنَآۚ أَنتَ
مَوۡلَىٰنَا فَٱنصُرۡنَا عَلَى ٱلۡقَوۡمِ ٱلۡكَٰفِرِينَ﴾

{પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા, તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે* અલ્લાહ તઆલા કોઇ વ્યક્તિને તેની શક્તિ કરતા વધારે તકલીફ નથી આપતો, જો કોઈ વ્યક્તિ સારું કામ કરશે તો તેને તેનો બદલો જરૂર મળશે, અને જો ખોટું કાર્ય કરશે તો તેની સજા તેને જ મળશે, (ઇમાનવાળાઓ અલ્લાહથી આ રીતે દુઆ કરો) હે અમારા પાલનહાર ! જો અમારાથી ભુલચૂક થઈ ગઈ હોય તો તેના પર અમારી પકડ ન કરીશ, હે અમારા પાલનહાર ! અમારા પર એટલો ભાર ન નાખ, જે અમારા પહેલાના

લોકો પર નાખ્યો હતો, હે અમારા પાલનહાર ! જે ભાર અમે ઉઠાવી ન શકતા હોય, તે અમારાથી ન ઉઠવડાવશો,અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું જ અમારો માલિક છે, અમને કાફિરો વિરુદ્ધ તું અમારી મદદ કરી}.

(આયત ૨૮૫-૨૮૬ અલ્ બકરહ)

﴿حمٓ * تَنزِيلُ ٱلۡكِتَٰبِ مِنَ ٱللَّهِ ٱلۡعَزِيزِ ٱلۡعَلِيمِ * غَافِرِ ٱلذَّنۢبِ وَقَابِلِ
ٱلتَّوۡبِ شَدِيدِ ٱلۡعِقَابِ ذِي ٱلطَّوۡلِۖ لَآ إِلَٰهَ إِلَّا هُوَۖ إِلَيۡهِ ٱلۡمَصِيرُ﴾

{હા-મીમ* આ કિતાબ અલ્લાહ તરફથી ઉતારવામાં આવી છે, જે વિજયી અને બધું જ જાણવાવાળો છે.* તે ગુનાહ માફ કરવાવાળો, તૌબા કબૂલ કરવાવાળો, સખત અઝાબ આપનાર અને ઘણો જ કૃપાળુ તેમજ શક્તિશાળી છે. તેના સિવાય કોઇ ઇલાહ નથી, તેની તરફ જ (સૌને) પાછા ફરવાનું છે.}

(આયત ૧-૩: ગાફિર)

﴿هُوَ ٱللَّهُ ٱلَّذِي لَآ إِلَٰهَ إِلَّا هُوَۖ عَٰلِمُ ٱلۡغَيۡبِ وَٱلشَّهَٰدَةِۖ هُوَ ٱلرَّحۡمَٰنُ ٱلرَّحِيمُ
هُوَ ٱللَّهُ ٱلَّذِي لَآ إِلَٰهَ إِلَّا هُوَ ٱلۡمَلِكُ ٱلۡقُدُّوسُ ٱلسَّلَٰمُ ٱلۡمُؤۡمِنُ ٱلۡمُهَيۡمِنُ
ٱلۡعَزِيزُ ٱلۡجَبَّارُ ٱلۡمُتَكَبِّرُۚ سُبۡحَٰنَ ٱللَّهِ عَمَّا يُشۡرِكُونَ * هُوَ ٱللَّهُ ٱلۡخَٰلِقُ
ٱلۡبَارِئُ ٱلۡمُصَوِّرُۖ لَهُ ٱلۡأَسۡمَآءُ ٱلۡحُسۡنَىٰۚ يُسَبِّحُ لَهُۥ مَا فِي ٱلسَّمَٰوَٰتِ وَٱلۡأَرۡضِۖ
وَهُوَ ٱلۡعَزِيزُ ٱلۡحَكِيمُ﴾

{તે જ અલ્લાહ છે, જેના સિવાય કોઇ ઇલાહ નથી, ગાયબ અને હાજર દરેક વસ્તુને જાણવાવાળો છે, તે અત્યંત કૃપાળુ અને દયાળુ છે. તે જ અલ્લાહ છે,

જેના સિવાય કોઇ ઇલાહ નથી, તે બાદશાહ છે, અત્યંત પવિત્ર, દરેક ખામીથી સલામત, શાંતિ આપનાર, દેખરેખ કરનાર, વિજયી, શક્તિશાળી, મહાન છે. અલ્લાહ તે વાતોથી પાક છે, જેને આ લોકો તેનો ભાગીદાર ઠેરવે છે * તે જ અલ્લાહ છે, જે સર્જન કરનાર, બનાવનાર, સ્વરૂપ આપનાર, તેના દરેક નામ સારા છે, આકાશો અને જમીનમાં જે સર્જન છે, તે સૌ તેની જ તસ્બીહ કરી રહ્યા છે, અને તે વિજયી અને હિકમતવાળો છે}.

(આયત ૨૨-૨૪ અલ્ હશ્ર)

﴿قُلْ هُوَ اللَّهُ أَحَدٌ* اللَّهُ الصَّمَدُ* لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ* وَلَمْ يَكُن لَّهُ كُفُواً أَحَدٌ﴾

{તમે કહી દો કે અલ્લાહ  એક જ છે, અલ્લાહ બેનિયાઝ છે, ન તો તેની કોઈ સંતાન છે અને ન તો તે કોઈની સંતાન, અને તેના બરાબર કોઈ નથી}.

﴿قُلْ أَعُوذُ بِرَبِّ الْفَلَقِ* مِن شَرِّ مَا خَلَقَ* وَمِن شَرِّ غَاسِقٍ إِذَا وَقَبَ* وَمِن شَرِّ النَّفَّاثَاتِ فِي الْعُقَدِ* وَمِن شَرِّ حَاسِدٍ إِذَا حَسَدَ﴾

{તમે કહી દો ! કે હું સવારના પાલનહારની શરણમાં આવું છું.  દરેક તે વસ્તુની બુરાઇથી જે તેણે પેદા કરી. અને અંધારી રાત્રિની બુરાઇથી, જ્યારે તેનું અંધારૂ ફેલાય જાય.  અને ગાંઠ (લગાવીને) તેમાં ફુંકનારની બુરાઇથી (પણ). અને ઇર્ષા કરનારાઓની બુરાઇથી, જ્યારે તે ઇર્ષા કરે}.

﴿قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ* مَلِكِ النَّاسِ* إِلَٰهِ النَّاسِ* مِن شَرِّ الْوَسْوَاسِ الْخَنَّاسِ* الَّذِى يُوَسْوِسُ فِى صُدُورِ النَّاسِ* مِنَ الْجِنَّةِ وَ النَّاسِ﴾

{તમે કહી દો ! કે હું લોકોના પાલનહારની શરણમાં આવું છું. જે લોકોનો બાદશાહ છે. જે લોકોનો મઅબૂદ છે. તે વસ્વસો નાખનારની બુરાઈથી, હે (વસ્વસો નાખી) પાછળ હટી જાય છે. જે લોકોના દિલોમાં વસ્વસો નાખે છે. (પછી) તે જિન્નાતો માંથી હોય અથવા તો મનુષ્યો માંથી.

ઉપરોક્ત સૂરતો સંપૂણ ત્રણ વખત પઢવી.

((أَعُوذُ بِكَلِمَاتِ اللهِ التَّامَّةِ مِنْ شَرِّ مَا خَلَقَ))

હું અલ્લાહના સંપૂણ કલિમા સાથે તે દરેક વસ્તુથી પનાહ માંગું છું, જે તેણે પેદા કરી છે. (ત્રણ વખત)

((بسمِ اللهِ الذي لا يضُرُّ مع اسمِه شيءٌ في الأرضِ ولا في السَّماءِ وهو السَّميعُ العليمُ، لم يضُرَّه شيءٌ))

તે અલ્લાહના નામથી શરૂ કરું છે, જેનું નામ હોવાથી કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકતી નથી, ભલેને તે વસ્તુ જમીનની હોઈ કે આકાશની, અને તે અલ્લાહ સાંભળવાવાળો અને જાણવાવાળો છે.(ત્રણ વખત)

**((رضيتُ بالله ربًّا، وبالإسلام دينًا، وبمحمدٍ نبيًّا))**

હું રાજી છું, અલ્લાહના પાલનહાર હોવા પર, ઇસ્લામના દીન હોવા, અને મુહમ્મદ ﷺ નાં નબી હોવા પર.(ત્રણ વખત)

**((أصْبَحْنا وَأَصْبَحَ المُلْكُ لله وَالحَمدُ لله، لا إلهَ إلاّ اللّهُ وَحدَهُ لا شَريكَ لهُ، لهُ الملكُ ولهُ الحمد، وهو على كلّ شَيءٍ قدير، رَبِّ أسْأَلُكَ خَيرَ ما في هذا اليوم وَخيرَ ما بَعده، وَأَعوذُ بِكَ مِنْ شَرِّ ما في هذا اليوم وَشَر ما بعْده، رَبِّ أَعوذُ بِكَ مِنَ الْكَسَلِ وَسوءِ الْكبر، رب أَعوذُ بِكَ منْ عذاب في النارِ وعذابٍ في القَبْر))**

અલ્લાહ માટે અમે સવાર કરી અને પૂરી દુનિયાએ સવાર કરી, અને દરેક વખાણ અલ્લાહના માટે છે, અલ્લાહના સિવાય કોઈ ઈબાદત ને લાયક નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, તેના માટે જ બાદશાહી છે અને તેનાં માટે જ વખાણ છે, અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે, હે મારા પાલનહાર ! તે દિવસ જેમાં ભલાઈ છે, અને જે તેનાં પછી છે, હું તારાથી તેનો સવાલ કરું છું, અને તે દિવસ ,જેમાં  બુરાઈ છે, અને તેનાં પછીની બુરાઈ થી હું તારી પનાહ માંગુ છું, હે મારા પાલનહાર ! હું આળસ અને ઘડપણની બુરાઈ થી તારી પનાહ માંગું છું, હે મારા પાલનહાર ! હું આગનાં અઝાબ અને કબરનાં અઝાબ થી તારી પનાહ માંગું છું.

અને સાંજના સમયે કહેવું

**((أمسينا وَأَمسى المُلْكُ لله))**

અલ્લાહના માટે અમે સાંજ કરી અને સમગ્ર સૃષ્ટિએ સાંજ કરી, અને કહેવું: તે રાત જેમાં ભલાઈ છે, અને જે તેનાં પછી છે, તેમાં ભલાઈ છે, હું તારાથી તેનો સવાલ કરું છું... અંત સુધી કહેવું, પરંતુ (અસ્બહના વ અસ્બહલ્) ની જગ્યાએ અમ્સયના વ અમસા લિલ્લાહી અને હાઝલ્ યવ્મિની જગ્યાએ હાઝિહીલ્ લૈયલી કહેવું.

**((اللهمّ بك أصبحنا، وبك أمسينا، وبك نحيا، وبك نموت، وإليك النشور))**

હે અલ્લાહ ! તારા નામ સાથે અમે સવાર કરી, અને તારા નામ સાથે અમે સાંજ કરી અને તારા નામ સાથે અમે જીવિત છે, અને તારા નામ સાથે અમે મૃત્યુ પામીશું, અને તારી તરફ જ ઉઠીને પાછા ફરવાનું છે.

અને સાંજના સમયે કહેવું:

**((اللهمّ بك أمسينا، وبك أصبحنا وبك نحيا، وبك نموت، وإليك المصير))**

હે અલ્લાહ ! તારા નામ સાથે અમે સાંજ કરી , અને તારા નામ સાથે અમે સવાર કરી અને તારા નામ સાથે અમે જીવિત છે, અને તારા નામ સાથે અમે મૃત્યુ પામીશું, અને તારી તરફ જ ઉઠીને પાછા ફરવાનું છે.

((اللَّهُم مَا أَصْبَحَ بِي مِنْ نِعْمَةٍ أَوْ بِأَحَدٍ مِنْ خَلْقِكَ فَمِنْكَ وَحْدَكَ لا شَرِيكَ لَكَ فَلَكَ الْحَمْدُ وَلَكَ الشُّكْرُ))

હે અલ્લાહ ! સવારે જે કઈ નેઅમતો છે અથવા સર્જન માંથી કોઇની પાસે કઈ પણ નેઅમત છે એ તારી જ આપેલી છે, તું એકલો છે, તારો કોઈ ભાગીદાર નથી, બસ ! તારા માટે જ પ્રશંસા છે, અને તારા માટે જ શુક્ર છે.

અને સાંજના સમયે કહેવું:

((اللَّهُم مَا امسىٰ بِي))

જે નેઅમત સાથે પણ પણ સાંજ કરી.

((اللَّهُمَّ أَصْبَحْتُ مِنْكَ فِي نِعْمَةٍ وَعَافِيَةٍ وَسِتْرٍ؛ فَأَتِمَّ عَلَيَّ نِعْمَتَكَ وَعَافِيَتَكَ وَسِتْرَكَ فِي الدُّنْيَا وَالْآخِرَةِ))

હે અલ્લાહ ! મેં તારા તરફથી નેઅમત, આફિયત અને તારા શરણમાં સવાર કરી, બસ તું દુનિયા અને આખિરતમાં મારા પર પોતાની નેઅમત, આફિયત અને શરણને પુરી કરી દે, (ત્રણ વખત)

((اللَّهُمَّ أَمسيتُ مِنْكَ فِي))

અને સાંજના સમયે કહેવું: હે અલ્લાહ મેં સાંજ કરી.. અંત સુધી.

((اللَّهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْهَمِّ وَالْحَزَنِ، وَالْعَجْزِ وَالْكَسَلِ، وَالْبُخْلِ وَالْجُبْنِ، وَضَلَعِ الدَّيْنِ، وَغَلَبَةِ الرِّجَالِ))

હે અલ્લાહ ! હું ચિંતા અને ગમ (દુ:ખ) તેમજ લાચારી અને આળસ થી તારી પનાહ (શરણ) માંગુ છુ, અને કાયરતા અને કંજુસાઇ થી તેમજ દેવામાં ફસાઈ જવાથી અને લોકો ના હાવી થઈ જવાથી તારી પનાહ માંગુ છું.

((اللَّهمَّ إنِّي أسألُك العافيةَ في الدُّنيا والآخرةِ اللَّهمَّ أسألُك العفوَ والعافيةَ في ديني ودنيايَ وأَهلي ومالي اللَّهمَّ استر عورتى وقالَ عثمانُ عوراتى وآمِن رَوعاتي اللَّهمَّ احفظني من بينِ يدىَّ ومن خَلفي وعن يَميني وعَن شِمالي ومن فَوقي وأعوذُ بعظَمتِك أن اغتالَ من تحتي))

હે અલ્લાહ ! હું તારા પાસે દુનિયા અને આખિરતમાં સલામતીનો સવાલ કરું છું, હે અલ્લાહ ! હું મારા દીન, મારી દુનિયા, મારા ઘર અને મારા માલમાં તારી પાસે માફી અને સલામતીનો સવાલ કરું છું, હે અલ્લાહ ! મારી પરદહ વાળી વસ્તુ પર પડદો નાખી દે, અને મારી ગભરાહટને શાંતિમાં ફેરવી દે, હે અલ્લાહ ! મારી સામેથી, પાછળથી, મારી જમણી બાજુથી,  ડાબી બાજુથી, અને મારી ઉપરથી મારી સુરક્ષા કર, અને એ વાતમાં હું તારી મહાનતાની પનાહમાં આવું છું કે અચાનક પોતાની નીચેથી બરબાદ થઈ જાઉં.

**((اللَّهم أنتَ ربي لا إلَهَ إلا أنتَ، خَلقتَني وأَنا عبدُك، وأَنا على عَهْدِكَ ووعدِكَ ما استطعتُ، أعوذُ بِكَ من شرِّ ما صنعتُ، أبوءُ لَكَ بنعمتِكَ عليَّ، وأبوءُ لَكَ بذنبي فاغفِر لي، فإنَّهُ لا يغفرُ الذُّنوبَ إلَّا أنتَ))**

હે અલ્લાહ ! તું મારો પાલનહાર છે, તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે મને પેદા કર્યો અને હું તારો બંદો છું, અને હું જે રીતે તાકાત રાખું છું તારા વચન અને વાયદા પર અડગ છું, અને મેં જે કંઈ પણ કર્યું તેની બુરાઈથી તારી પનાહ માંગુ છું, મારા પર તારા ઇનામો નો સ્વીકાર કરૂં છું,અને મારા ગુનાહો ને કબૂલ કરૂં છું, બસ ! તું મને માફ કરી દે, કારણ કે તારા સિવાય કોઈ ગુનાહો ને માફ કરનાર નથી.

**((اللهم فاطر السماوات والأرض، عالم الغيب والشهادة، ربّ كل شيء ومليكه، أشهد أن لا إله إلا أنت، أعوذ بك من شر نفسي، وشر الشيطان وشركه))**

હે અલ્લાહ ! આકાશો અને જમીનનું સૌથી પહેલા સર્જન કરનાર, છૂપુ અને જાહેરને જાણનાર, દરેક વસ્તુના પાલનહાર અને માલિક ! હું સાક્ષી આપું છું કે તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, હું તારી પનાહ માંગુ છું, મારા નફ્સની બુરાઈથી, અને શૈતાનની બુરાઈ થી, અને તેના શિર્કથી, અને એ

વાતથી કે હું મારા નફ્સનું અનુસરણ કરૂં, અથવા કોઈ મુસલમાન ભાઈની બુરાઈ કરૂં.

**((اللّهُمَّ إِني أَصبَحْتُ أُشهدُك، وَأُشْهِدُ حملةَ عَرْشِك، وَمَلاَئِكَتَكَ، وَجَميعَ خَلْقِك، أَنكَ أَنتَ اللهُ لا إِلهَ إلاّ أَنْتَ وَحْدَكَ لا شَريكَ لَك، وَأَنَّ مُحمدًا عَبْدُكَ وَرَسولُك))**

હે અલ્લાહ ! મેં સવાર કરી, અને હું તને અને તારા અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓને અને તારા પયગંબરને અને તારી દરેક મખલુકને સાક્ષી બનાવું છું કે તું જ અલ્લાહ છે, તારા સિવાય કોઈ સાચો ઇલાહ નથી, અને મુહમ્મદ તારા બંદા અને પયગંબર છે.

અને સાંજે કહેવું

**((اللّهُمَّ إِني أَمسيتُ----))**

હે અલ્લાહ ! મેં સાંજ કરી... અંત સુધી (ચાર વખત)

**((لا إلهَ إلاَّ اللَّه وحْدهُ لاَ شَرِيكَ لهُ، لَهُ المُلْكُ، ولَهُ الحمْدُ، وَهُو عَلَى كُلِّ شَيءٍ قَدِيرٌ))**

અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, તે એકલો જ છે, અને તેનો કોઈ ભાગીદાર નથી, તેના માટે જ સામ્રાજ્ય છે અને તેના માટે જ પ્રસંશા છે, અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. (સો વખત સવારે અને સાંજે)

**((حسبي الله لا إله إلا هو عليه توكلت وهو رب العرش العظيم))**

મારા માટે અલ્લાહ પૂરતો છે, તેના સિવાય કોઈ ઈલાહ નથી, હું તેના પર જ ભરોસો કરુ છું અને તે મહાન “અર્શ” નો માલિક છે. (સાત વખત)

((حَسْبِيَ اللَّهُ وَكَفَى، سَمِعَ اللَّهُ لِمَنْ دَعَا، لَيْسَ وَرَاءَ اللَّهِ مُنْتَهَى))

અલ્લાહ શ્રેષ્ઠ કારસાજ અને મારા માટે પૂરતો છે, અલ્લાહ તઆલાએ સાંભળી તે વ્યક્તિની વાત, જેણે દુઆ કરી,

((سبحان اللّٰه والحمد اللّٰه))

અલ્લાહ પવિત્ર છે અને તેના માટે જ પ્રસંશા છે(સો વખત) સવારે અને સાંજે અથવા બન્ને સમયે સો વાર

((أستغفر اللّٰه و أتوب اليه))

હે અલ્લાહ ! હું તારી પાસે માફી માંગું છું અને તારી તરફ પાછો ફરું છું. (સો વખત)

આ એક કિતાબચો છે, હું અલ્લાહથી દુઆ કરું છું કે આના દ્વારા લોકોને ફાયદો પહોંચે.

આ કિતાબને મુહમ્મદ સાલિહ અલ્ ઉષૈમીન રહ. એ ૨૦-૧-૧૪૧૮ હિજરીસનમાં લખી.

www.islamhouse.com